# આર.આર.મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ પાલનપુર

## ::સેમેસ્ટર II, IV,VI (B.Com /BSc)આંતરીક કસોટી વર્ષ:૨૦૨૨–૨૩ અંગે::

### માર્ગદર્શક સૂચનાઓ::

૧.દરેક સેમેસ્ટર દીઠ આંતરીક કસોટી લેવામાં આવશે અને આંતરીક કસોટીના ૩૦ ટકા માર્કસ યુનિ. ની વાર્ષિક પરીક્ષામાં આવશે. આંતરીક પરીક્ષા અને યુનિ.ની વાર્ષિક પરીક્ષામાં અલગ અલગ પાસ થવાનું ફરજીયાત છે.

**૨. પરીક્ષા નિયત સમય કરતા ૧૦ મિનિટ પહેલા બ્લોકમાં પ્રવેશ આપવામાં આવશે.**

**૩. પરીક્ષા ખંડમાં બેન્ચીસ પર કે દિવાલ પર લખાણ કરતા પકડાયેલ વિદ્યાર્થી સાથે કોપી કેસ કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.**

**૪.પરીક્ષા દરમ્યાન પરીક્ષા ખંડમાં કોઈપણ પરીક્ષાલક્ષી સાહિત્ય લઈ જવા પ્રતિબંધ છે.**

**૫. પરીક્ષા દરમ્યાન વોશરૂમમાં કોઈ સાહિત્ય સાથે વિદ્યાર્થી પકડાશે તો કોપી કેશ કરવામાં આવશે.**

૬. આંતરીક પરીક્ષામાં **ચોરી કરનાર કે ગેરરિતી આચરનાર** વિદ્યાર્થીને જે તે પેપર અથવા વિષયમાં ગ્રેસીંગ માર્કસ આપવામાં આવશે નહી. તેમજ ઈમ્પ્રેસનના પણ શૂન્ય ગુણ આપવામાં આવશે. આ પેપરનો રિ ટેસ્ટ લેવામાં આવશે નહિ.

૭.બધી ટેસ્ટ પરીક્ષામાં જે તે વિષયમાં **ગેર હાજર રહેનાર** અથવા **શૂન્યગુણ** મેળવનાર વિદ્યાર્થીને પણ ગ્રેસીંગ માર્કસ આપવામાં આવશે નહી એટલે શૂન્ય ગૂણ મળશે.

૮. યુનિ. કે કોલેજની આંતરીક પરીક્ષામાં ચોરી કરનાર કે ગેરરીતી આચરનાર વિદ્યાર્થીને ફી માફી કે સ્કોલરશીપ માટે ગેરલાયક ઠરશે.

૯.પરીક્ષા દરમ્યાન સંપૂર્ણ શાંતિ અને શિસ્ત જાળવવી અનિવાર્ય અને ફરજીયાત છે. પરીક્ષા કાર્ય દરમ્યાન ગંભીર પ્રકારની **ગેરરિતિ આચરનાર તથા ઉશ્કેરણી કરનાર અને પરીક્ષા દરમ્યાન ગંભીર પ્રકારની હરકત ભરી ગેરવર્તણૂક કરનાર વિદ્યાર્થીને સમગ્ર પરીક્ષામાં શૂન્ય ગૂણ મળશે તથા કોલેજમાંથી બરતરફ કરાશે.**

૧૦.પરીક્ષાના સર્વે નિયમો નહી અનુસરનાર વિદ્યાર્થીને સખ્ત શિક્ષાને પાત્ર રહેશે.

૧૧.પરીક્ષામાં ગેરરીતી આચરનાર વિદ્યાર્થીનો નવા સત્રમાં પ્રવેશ માટેનો હકક રહેશે નહી.

૧૨. કોઈ પણ ત્રણ કે તેથી વધુ વિષયમાં આંતરીક ગુણાંકનમાં નાપાસ થનાર વિદ્યાર્થીનું યુનિ. પરીક્ષા ફોર્મ આપોઆપ રદ થયેલ ગણાશે.

**૧૩. પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીએ કોલેજ બેગ/ થેલો કે મોબાઈલ લાવવો નહી આ અંગે કોઈ પણ પ્રશ્ન ઉભો થશે તો તેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.**

૧૪. જે વિદ્યાર્થી અનિવાર્ય સંજોગોમાં આંતરીક કસોટી પરીક્ષામાં બેસી શકે તેમ ના હોય તેવા વિદ્યાર્થી માટે તુરંત જ રિ–ટેસ્ટ લેવામાં આવશે. રિ–ટેસ્ટ માટે આવશ્યક દસ્તાવેજો /ડોકયુમેન્ટસ સાથે પરીક્ષા કમિટિને અરજી કરવાની રહેશે.

૧૫.રિ–ટેસ્ટ માટે વિષય દીઠ રૂા–૫૦/–(પચાસ રૂપિયા )અને આખી પરીક્ષા /તમામ વિષયો માટે વધુમાં વધુ રૂા–૨૫૦/–(બસો પચાસ )ફી ભરવાની રહેશે. જો રિ–ટેસ્ટ માટેનું વ્યાજબી કારણ હશે તો જ પરીક્ષા કમીટીના કન્વીનરની અરજી ઉપર સહી થયા બાદ જરૂરી ફી ભર્યેથી રિ–ટેસ્ટ માટેની અરજી ઉપર વ્યાજબી કારણ હોવાનું સાબિત થયેથી રિ–ટેસ્ટ અંગેની પરમિશન મળી શકશે જે અંગે આચાર્યશ્રી અને પરીક્ષા કમીટીનો નિર્ણય આખરી રહેશે.જેની વિદ્યાર્થીએ નોંધ લેવી.

04/03/2023

\\Rrmsclpc02adjsm\2012-13\g_leterpad.doc 566

આચાર્ય
આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને
સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ,
પાલનપુર - ૩૮૫૦૦૧